મેં જે માગ્યું છે, તે હું કમાયો છું.

ૐ

શ્રી સપ્ત ભૂમિકા.

મહારાજાધિરાજ શ્રી રણછોડરાય પ્રભુનાં સાત સમયનાં દર્શન (સંગીતમાં).

(કવ્વાલી—ગઝલ.)

મીઠી પ્યાલી કવ્વાલીની, અમોને આજ પીવા દો.
ગઝલ રણછોડની ખાતે, અમોને આજ ગાવા દો.
કોઈ માન આપે શું, કોઈ નિંદા કરે તો શું,
કદના કોઈની પરવા નકી રણછોડને ભજવા

શ્રીહરિ કૃપાથી રચી પ્રસિદ્ધ કર્તા

કવી કેશવલાલ ત્રીભોવનદાસ ઓઝા.
(કુંડલાકર) મુ. ડાકોર સ્ટેશન રોડ.

આવૃત્તિ ૫ મી. સવત ૧૯૭૩. પ્રત ૨૦૦૦

ન્યોછાવર રૂ. ૦-૦-૩

મેં જે દાન કર્યું છે, તે મારી પાસે છે.

…ક્ષમા કરી, તે મ…

મેં જે ભોગવ્યું છે, તે મેં ખોયું છે.

ॐ

મંગલ પુષ્પાંજલિ.

હે અનંત કોટી બ્રહ્માંડના અધિપતી, અજર અમર અવિનાશી દીનબંધુ કૃપાસિંધુ ભક્તવત્સલ, ભક્ત ભવભય ભંજન, સચ્ચિદાનંદ ઘન, પરમાનંદ, પુરૂષોત્તમ, પરમેશ, સર્વવ્યાપક, સર્વાન્તર્યામી, સર્વોત્તમ, સર્વાત્મા, વિશ્વંભર, વિશ્વાધાર, ત્રિલોકેશ્વર, દયાનિધિ, વૈકુંઠપતિ, ઠાકુરાધિશ, પરિપૂર્ણ બ્રહ્મ, મ્હા મંગલ સ્વરૂપ, મહારાજાધિરાજ શ્રી;

રણછોડરાય

શ્રી —ડંકપુર કીના વૈકુંઠપુર.

પ્રભુ

આપની કૃપા પ્રસાદથી

અનેક યોનિઓમાં અથડાતો હું

આ મનુષ્ય તેમાં (મુખ્ય) દ્વીજદેહમાં

આવી આપના દર્શનજ્યોતના પ્રકાશથી, આપના ચરણાર્વિંદે વાસ કરી આપના અનંત ગુણાનુગાનના પુંપ-કુંજમાંથી યથામતિનુસાર આપના ગુણાનુગાનનું આ પુંપ ચુંટી, આપના ભક્ત ભયહર, કલ્યાણકારી સુકોમળ ચરણકમળમાં આ અલ્પજ્ઞ દાસ સપ્રેમ પુર્વક સમર્પે છે તે સ્વીકારશોજી. (ક્ષમ્યતાં)

પ્રભુ! આ પુષ્પને પાંચમી (આવૃતી) વખત આપના વૈષ્ણવ ભક્ત અમદાવાદના વતની **બળદેવભાઇ હરીભાઇ પરીખે** છપાવવામાં મદદ કરી છે માટે તે બદલ તેમનો આભાર માનીયે છીએ.

ડંકપુર—જ્યેષ્ઠ કૃષ્ણ ત્રતિયા. લી આપનું ચરણાનુરજ કિંકર કેશવ.

ધી ક્રાઉન પ્રીન્ટીંગ વર્કર્સમાં ભાવસાર ત્રીકમલાલ સાંકળચંદ તથા ગોસાઈ કેશવપર રામગરે છાપ્યું. રીચીરોડ—અમદાવાદ.



શ્રી ગણેશાય નમ: **શ્રી શારદાય નમ:**

(ગિતિ) ગજમુખ દાતા ગણેશા, મયુરાસન કરનારી

વિના નિવારણ છો મંગલ બંધ. સરસ્વતી તું છે કરૂણા સિંધ.

મંગલા ચરણ.

(કવાલી–ગઝલ.)

નમું હું ગુનપતિ દાતા, મયાકર શારદા માતા;
ગુણો નહુ આપના ગાતા, થયા છો જગ્ત વિખ્યાતા.
મુશક પર ગુનપતી સ્વારી, મયુર પર શારદા સારી;
વળી છે અદ્ધધા નારી, કુંવારી છે વિણા ધારી.
પ્રથમ શુભ કાર્યમા પહેલા, ગજાનન આવતા વ્હેલા;
અબિલ સીંદુર ગુલાલા. પુજાઓ ખુબ દુંદાળા.
જગતમાં રૂમઝુમ કરતી, વળી વીણા લઈ ફરતી;
દરીદ્રો દુઃખ તું હરતી, ઘણાનો મોક્ષ તું કરતી.
ગજાનન સર્વ પુજાયે, ગુણો સહુ ખંતથી ગાયે;
અમારાં કાર્યમાં નીત્યે, ગણેશા વીઘ્ન તું હરજે.
કૃપા કર શારદા દેવી, કરૂં છું અર્જ હું એવી;
સદા **કેશવ** હૃદયમાંહી, વસો માતૃ દયા લાવી.

માયાની બિછાવેલી જાળમાંથી બચવા.

(કવ્વાલી-ગઝલ.)

ભરેલા કૂપમાં રેંટો, ભરાતા નેજ ઠલવાતા;
જગતના કૂપમાં તેમજ, મરાતા નેજ જન્માતા.
બિછાવેલ જાળમાં ભટકી, બહુ જીવો ભમાયે છે;
પ્રભુભક્તિ તણા નાવે, મહાસાગર તરાયે છે.
વળી ચ્યાસીજ વર્ષોથી, બોડાણો દ્વારિકા જાયે;
કરી શુદ્ધ દિલ્લથી ભક્તિ, હરી ડાકોરમાં લાવે.
ગુગળીયો બહુ થયા પાછળ, મહા હલ્લો કરી આવે;
પ્રભુશ્રી ભક્તવશ થયા જે, કદાપી આંચ ના લાવે.
ગુગળીએ વીનતી દીધી, સુવર્ણ દે પ્રભુ તોલી;
સતી ગંગા તણી વાલી, થયા તે ભાર વનમાલી.
થયા તુલસી બરોબર તો, ગયા નિરાશ થઈ વિપ્રો;
પ્રભુની સ્થાપના કીધી, દુઃખો રણછોડજી કાપો.
નક્કી આજે નક્કી કાલે, નક્કી કાળે નક્કી કલ્પે;
જગતનો કાળ આ ચક્કી, પિસે સંસારની સ્વલ્પે.
વળી દાણુ રૂપી ઓરે, સહુ પ્રાણી પીસાયે છે;
પ્રભુ ભક્તિતણા ખીલે, અચળ સુખ તો પમાયે છે.
ત્યજો નિદ્રા સજો મનને, સહુ ધર્મો બનો જાગો;
નિરંતર ઈશને ભજતાં, પ્રભુભક્તિ સૌ માગો.
ફસ્યા ને કાળની જાળે, કુકૃત્યોથી ભમાયે છે;
પ્રભુ કેશવ તણા નાવે, મહાસાગર તરાયે છે.

પ્રભૂનો ભક્તિગઢ બાંધો.

(કવ્વાલી-ગઝલ.)

વિચારો જગતના વાસી, ગળે ષટ્ શત્રુની ફાંસી;
મનુષ્યા દેહની ફરતો, પ્રભુનો ભક્તિગઢ બાંધો.
કરાવે 'કામ' કૂકૃત્યે, વળી 'ક્રોધે' કર્યાં વૈરો;
અપાવે 'લોભ' કુધંધો, પ્રભુનો ભક્તિગઢ બાંધો.
ક્ષણિકના 'મોહ'માંમરતો, વળી 'મદ'મસ્ત થઇ ફરતો;
અહં 'મત્સર' કરે અંધો, પ્રભુનો ભક્તિગઢ બાંધો.
મહા શત્રુજ ષટ ભાઇ, મનુષ્યા દેહ ઘેરાઇ;
કરો એ શત્રુ પર હલ્લો, પ્રભુનો ભક્તિગઢ બાંધો.
ધરી ઇશિ ભક્તિનો ભાલો, સજોને ધર્મની ઢાલો;
ભરોને દિન દયા નાળો, પ્રભુનો ભક્તિગઢ બાંધો;
સજાવો દ્રઢ મનની રે, ચલાવો ધાર સમશીરે;
બની માયા તણા સ્વારો, પ્રભુનો ભક્તિગઢ બાંધો,
સહુ એ જ્ઞાન મન્ન ધરજો, નક્કી ષટ્ શત્રુ વધ કરજો;
નીતિજય ધ્વજ ફરકાવો, પ્રભુનો ભુક્તિગઢ બાંધો.
કમાણી કંજુસો કરશે, પ્રમાર્થે પાઇ ના વરશે;
બને ધુળધાણી તો અંતે, પ્રભુનો ભક્તિગઢ બાંધો.
મરી જાવું સહુ મેલી, ન આવે ઠાઠડી થેલી;
મુકે બાળી સગાંઓ તો, પ્રભુનો ભક્તિગઢ બાંધો.
પ્રભુ વિણુ કોઇ ના બેલી, કરૂં કેશવ અરજ છેલ્લી;
કરો ઇશ્રી ભક્તિનો ધંધો, પ્રભુનો ભક્તિગઢ બાંધો.

શ્રી સપ્ત ભૂમિકા.

સુજ્ઞ વાંચક મહાશયો:—

અત્રે ' સપ્તભૂમિકા ' એ નામનો શબ્દ વિહવર્ગમાં કંઇક શંકા ભરેલો થઈ પડશે. કેમકે સપ્ત ભુમિકા એ એક તત્વજ્ઞાની શબ્દ છે. અને તે તત્વજ્ઞાનનું પૃથક્કરણ કરવું ઘણુંજ કઠીન છે. જેથી સાધારણ જ્ઞાનવાળાઓને તો તે જ્ઞાન સંપાદન કરવાને ઘણી ઘણી જીંદગીઓની ઘણી ઘણી નિશાળોમાં ઘણા ઘણા સદ્ગુરૂઓ પાસે અભ્યાસ કરવાની જરૂર પડે છે. એટલા માટે જો એકજ જીંદગીમાં, તેમાં એકજ દિવસમાં, વિના મૂલ્યે, વિના પરિશ્રમે, તે સપ્ત ભૂમિકાઓનું જ્ઞાન સંપાદન કરી મોક્ષ પામવું હોય, તો પૂર્ણ શ્રદ્ધાથી શુદ્ધ દિલથી સાક્ષાત પરબ્રહ્મ મહામંગલ સ્વરૂપ શ્રી રણછોડરાય પ્રભુના અમૃતમય (સાત સમયનાં) દર્શન કરવાથી તુર્ત મોક્ષપદ પામી શકાય છે. મહારાજાધીરાજ શ્રી રણછોડરાય પ્રભુનાં મંગળમય દર્શનજ મોક્ષદાયીક છે.

એટલા માટે કળીકાળમાં આ સપ્તભૂમિકાઓનું જ્ઞાન દર્શાવ્યું છે. તો દરેક હિંદુભાઇઓ તથા બ્હેનો ! વરસમાં એકજ વખત, તેમાં એકજ દિવસ શ્રી રણછોડરાય પ્રભુની પૂર્ણ શ્રદ્ધાથી શુદ્ધ દિલથી સાત સમયની મંગળમય ઝાંખી કરી જશો. કદાપી તે ન બની શકે તો નીચે દર્શાવેલી સપ્તભૂમિકાઓનું અથેતી પઠન કરી જશો. તો પણ યથેચ્છ કલ્યાણનો માર્ગ મળશે.

સાત સમય:— (કવ્વાલી—ગઝલ.)

પ્રભાતે મંગળા[1] થાયે, પછી શૃંગાર[2] તો આયે;
પછીથી ગ્વાલ[3]ના થાયે, પ્રભુ ગોધેનમાં જાએ.

ધર્યા છે રાજભોગો[૪]ને, પ્રભુ આરોગજો પ્રેમે;
બજાવું તાલ નાદોને, પ્રભુજી આપ પોઢોને.
થયો સંધ્યા સમય જ્યારે, ઉત્થાપન[૫] થાય છે ત્યારે;
પછીથી શયન[૬]ના થાયે, શ્રી સખડીભોગ[૭] તો આયે.
હૃદયમાં પ્રીતિ તો રાખી, કરો સાતે સમય ઝાંખી;
પ્રભુ કેશવ દિલે સ્થાપી, ઋણોથી મુક્તિ દે આપી.

—o-oo-o—

મંગળાઃ— (કવ્વાલી-ગઝલ.)

પ્રભાતે આપ તો જાગો, મિઠી નિદ્રા તમે ત્યાગો;
કરે પક્ષી મધુર રાગો, દુદંભી વાગીયા નાદો.
કરાવું દંત ધાવને, ધરાવું દળ તણો લાહુ;
વળી માખન અને સાકર, અથાણું છે પ્રભુ તાજુ.
સુમોહન થાળને સુખડી, મિઠું દહિં દૂધને પૂરી;
ધરૂં જળ પાનની બીડી, કરૂં શ્રી મંગળા આર્તી.
ઉતારી પાઘને વાઘો, સુગંધી તેલ દઉં ચોળી;
પછીથી સુદ્ધ લઇ વારી, કરૂં હું સ્નાન તૈયારી.
ધરીને દિલમાં પ્રીતિ, ભણીને વેદની રીતિ;
લઇ પંચામૃતો સારા, ચડાવું આપને પ્યારા.
સુગંધી કેશરી ચંદન, કરૂં હું આપને મર્દન;
લઇને શુદ્ધ જળ સારૂં, પ્રભુ પ્રેમેજ ન્હવરાવું.
પ્રભુજી વસ્ત્ર બદલાવ્યું, પિતાંમ્બર નાથ પ્હેરાવ્યું;
ધરાવ્યો પાઘને જામો, સદા દીલમાંહ્ય વીરામો.
ધરી મોતી તણી શહેરૂં, તિલક કુંકુમનું કરીયું;
ખભે ઉપવીત તો ધરીયું, ઉપરણું શીર તો ધરીયું.

સુગંધી અત્તરો છાંટી, ચડાવું પુષ્પને તુલ્સી;
મધુરી શ્યામ છે મૂરતી, કરૂં કેશવ પ્રભુ સ્તુતી.

પ્રભાત થયે શ્રી હરીના મંગળ થયેલા દર્શદ્વાર ખુલ્યાં 'બોલો શ્રી રણછોડરાયકી જય.'

પ્રભુને જાગૃત કરી, દંતધાવન કરાવી, પ્રસાદ આરોગાવી, જળપાન બિડું ધરાવી, આરતી ઉતારી. પછી તનીયા સિવાય વસ્ત્રાભૂષણો ઉતારી, સુગંધી તેલથી મર્દન કરી શુદ્ધ જળથી સ્નાન કરાવી, નવાં વસ્ત્રાભૂષણો ધરાવ્યાં.

(દર્શનદ્વાર મંગળ થયાં) બોલો શ્રી રણછોડરાયકી જય.

શૃંગાર. (કવ્વાલી–ગઝલ.)

પુરી દહિં ચોપડાં સારાં, સુમાખન મીસરી વાળાં;
શિરો દુધ શાક તો કોરાં, અથાણાં છે પ્રભુ તાજાં.
સુમોહનથાળ દળ લાડુ, બદામી ચીજનો શીરો;
જમી જળપાન લ્યો બીડું, પ્રભુજી આપ શૃંગારો.
મણી માણેકનો જડીયો, મુકુટ સુવર્ણનો ધરીયો;
ઘુઘરીઆળોજ કંદોરો, વળી મોતી તણો તોરો.
ધરી શીરપેચને કતરો, ધરી મોતી તણી શેહેરો;
મણી મુક્તા તણા હારો, ઝરી ઝામો પ્રભુ ધાર્યો.
વિંટીઓ હસ્ત બાજુબંધ, કરણ મકરાકૃતી કુંડલ;
કૃપાળુ સ્યામળા સુંદીર, સુધારો આ હૃદય મંદિર.
ચિબુખ અલ્કાવલી બેસર, મુકુટ તો કાચની ફ્રક્ડ;
ધરાવું હેમનું છત્તર, ગુલાબી છાંટી દઉ અત્તર.
ધર્યા હસ્તે કડાં પહોંચી, મુખાકૃત છે સદા હસ્તી;
સુવર્ણ મોહમય બહુંસી, હૃદય મંદિરમાંજ વસી.

ગળામાં ગુલછડી ભારી, પ્રભુ છો લક્ષ્મિ વિહારી;
વળી વેણી તમે ધારી, ધરી છે ડામણી સારી.
મુરલીયાં શ્યામ છે સારી, ચક્ર પદ્મ ગદાધારી;
ઉતારૂં આરતી તારી, જઉં કેશવ બલીહારી;
(મંગલ થયેલાં દર્શન દ્વાર ખુલ્યાં) બોલો શ્રી રણછોડરાયકી જય.

પ્રભુને જરીનાં રેશમી વસ્ત્રો, તથા નીલમ, માણેક, મોતી સુવર્ણના હિરા જડીત્ર આભૂષણોથી આભૂષિત કરી, પ્રસાદ આરોગાવી, જળ પાન બિડું ધરાવી, આરતી ઉતારી.
(દર્શનદ્વાર મંગળ થયાં.) બોલો શ્રી રણછોડરાયકી જય.

ગ્વાલઃ— (કવ્વાલી—ગઝલ.)

પુરીને દળ તણો લાડુ, ધર્યો દુધ શાકને શીરો;
જમી જળપાનનું બીડું, પ્રભુ પ્રેમેજ આરોગો.
(માનસીક) પધારો આપ ધેનુમાં, બજાવો 'સામ' વેણુમાં;
સહુ ગોપી ગણો જનમાં, સિધાવો બીંદ્રાબીનમાં.
કરો શ્રી કૃષ્ણજી લીલા, તુલાવી તેં ગિરી શીલા;
રમાડયો સર્પ તો કાલી, રમ્યા છો રાસ વનમાલી.
સુણીને બઉંસરી તારી, ભુલી સહુ ભાન વ્રજનારી;
લુંટાવી વાટ મહીયારી, કરી રાધા તણી યારી.
યશોદા નંદના લાલા, મહીડાં ચોરને વાલા;
વસુદે દેવકી વ્હાલા, દુઃખીનાં દુઃખ સૌ ટાળ્યાં.
કર્યાં બહુ શૌર્યનાં કામો, વિદાર્યો કંસજી મામો;
ભગત દિલ માંહ્ય વીરામો, કરો અમ્મર પ્રભુ નામો;
પ્રભુ ગૌધેનુને ચારી, થઈ અધ્યાન તૈયારી;
પધારો નાથ ગિરીધારી, જઉં કેશવ બલીહારી.

(મંગળ થયેલાં દર્શનદ્વાર ખુલ્યાં.) **બોલો શ્રી રણછોડરાયકી જય.**

પ્રભુને પ્રસાદ આરોગાવી, જળપાન બિડું ધરાવી, સુગંધી પુષ્પોની માળા ધરાવી. (માનસીક) ગાયો ચારવા જવાની તૈયારી કરી.

(દર્શન દ્વાર મંગળ થયાં) **બોલો શ્રી રણછોડરાયકી જય.**

રાજભોગ:— (કવ્વાલી—ગઝલ.)

પ્રભુ ગોધેનુને ચારી, પધાર્યા નગ્ર ગિરીધારી;
ભર્યું છે શુદ્ધ તો વારી, કરાવું સ્નાન મોરારી.
ધરાવું શ્વેત તો અંબર, ચડાવું પુષ્પ તુલસી દલ;
પ્હેરાવું વસ્ત્ર આભૂષણ, વળી છે કર્ણમાં કુંડલ.
બિછાવું કનકનો બાજઠ, ધરૂં ચોતર્ફ અંતર્પટ;
ધરાવું હેમની થાળી, ભરી શુદ્ધોદકે ઝારી.
બનાવ્યું ચુરમું વ્હાલા, વડાં બે શાક તો સારા;
અથાણાં પાપડો તાજા, સુગંધી ભાત છે ઝાઝા.
ઘઉંને ઘી તણી પોળી, બનાવી ખીચડી રૂડી;
કર્યો દુધપાક ખંતેથી, કઢીને દાળ તો છૂટી.
જગતના રાજ્યના રાજા, જમો રણછોડજી રાજા;
મહારાજાય ધીરાજા, તમો ડાકોર બીરાજ્યા.
જમી જળપાન લ્યો બીડું, ઉતારૂં આરતી વ્હાલા;
પછી પ્રેમેજ પોઢાડું, જપું કેશવ પ્રભુ માલા.

(મંગળ થયેલાં દર્શનદ્વાર ખુલ્યાં) **બોલો શ્રીરણછોડરાયકી જય.**

પ્રભુને પ્રસાદ આરોગાવી, જળપાન બીડું ધરાવી, આરતી ઉતારી; પછી પાવડી મોજડી ધરાવી, સુવર્ણના હિરા જડીત્ર, મશરૂના રેશમી ગાદી તકીયાવાળા ઝુલતા પલંગપર પોઢાડયા.

(દર્શનદ્વાર મંગળ થયાં.) **બોલો શ્રી રણછોડરાયકી જય.**

ઉત્થાપન:— (કવ્વાલી ગઝલ.)

પ્રભુ નિંદ્રા તમો ત્યાગો, થયો સંધ્યા સમય જાગો;
ધરૂં બટો અને મેવો, પ્રભુ પ્રેમેજ આરોગો.
જમી જળ પાનનાં બીડાં, ધરાવું પુષ્પની માળા;
ઉતારૂં આરતી વ્હાલા, કનૈયા કૃષ્ણજી કાળા.
પ્રભુ પ્રલ્હાદ ઉગાર્યો. હીરણ્યા કસ્ય (પ) સંહાર્યો;
શિવે સ્ત્રી વેષ તો ધાર્યો, તમારો ક્રોધ ઉતાર્યો.
પ્રભુ જય કુંજ વીહારી, પ્રભુ જય જય ગિરીધારી;
ગરૂડ પર આપની સ્વારી, જઉં **કેશવ** પ્રભુ વારી.

(મંગળ થયેલાં દર્શન દ્વાર ખુલ્યાં) **બોલો શ્રી રણછોડરાયકી જય.**

પ્રભુને બટો અને મેવો વીગેરે પ્રસાદ આરોગાવી, જળપાન બીડું ધરાવી, પુષ્પની માળા ધરાવી, આરતી ઉતારી.

(દર્શનદ્વાર મંગળ થયાં.) **બોલો શ્રી રણછોડરાયકી જય.**

શયન: — (કવ્વાલી ગઝલ)

ભરી દુધ દેગડા ધરીયા, વળી પૂરી અને ભજીયાં;
કકોળા ગાંગડી શીંગ, અથાણાં શાક છે કોરાં.
ધરૂં જળ પાનની બીડી, ઉતારૂં આરતી તારી;
સુવર્ણ સર્વ ઉતારી, દઉં પુષ્પેજ શૃંગારી.
સુગંધી પુષ્પનો બનીયો, ધરાવું આપને તનીયો;
મુકુટ તો કાચનો ધરીયો, વળી જામો ફુલે ભરીયો.
ધર્યો મલ્કાચ્છ ટીપોરો, કલી ગુંથેલ કંદોરો,
વળી શીરપેચને કતરો, કલી પુષ્પો તણી શહેરો.
ગુલાબી પુષ્પનો ભરાયો, કીરીટ મુકુટ પ્રભુ ધરીયો;
દુમાલો શ્વેત પીછોડો; કલીની ચંદ્રીકા તોરો.

કડાં પોંચીજ બાજુબંધ, કરણુ છે પુષ્પનાં કુંડળ;
ધરી પ્રભાવલી સુંદીર, કર્યાં છે પુષ્પ આભુષણુ.
ચિબુખ ને નાકમાં બેસર, પગે ડોલર તણી ઝાંઝર;
કૃપાળુ શ્યામળા સુંદીર, મધુરી મૂર્તિયાં મનહર.
ભરી પુષ્પો થકી મુરલી, રહી અલ્કાવલી ઝુલી;
ઝડી શિષ ફુલને વેણી, ધરી છે ડામણી ઝીણી.
ગુલાબી પુષ્પનું ભરીયું, ઉપરણું શીર તો ધરીયું,
ભરી પુષ્પો તણી કલીયું, તિલક સુંદીર તો કરીયું.
સુગંધી પુષ્પની માલાં, ધરો વનમાલી વનમાલા;
કનૈયા નંદના લાલા, ટકે કેશવ પ્રભુ કાલા.

(મંગળ થયેલાં દર્શનદ્વાર ખુલ્યાં) બોલો શ્રી રણછોડરાયકી જય.

પ્રભુને પ્રસાદ આરોગાવી, જળપાન બીડું ધરાવી, આરતી ઉતારી પછી વસ્ત્રાભૂષણો ઉતારી, સુગંધી પુષ્પના આભ્રણોથી શ્રી રંગને શણગાર્યા.

(દર્શનદ્વાર મંગળ થયાં)

સખડીભોગ:— (કવ્વાલી–ગઝલ.)

સુવર્ણ બાજઠો ઢાળ્યા, કનકના થાળ તો પીરસ્યા;
બિરાજે શ્રી હરી વ્હાલા, ધર્યા ભોગોજ સખડીના.
ચણાને ઘઉં તણો લાડુ, ધર્યો બુંદી તણો લાડુ,
વળી દળ ચૂરમું ઘુઠું, સુખાકડચી તણો લાડુ.
સુમોહન થાળને મેસુર, ધર્યાં માખન અને સાકર;
પુરણપોળી વળી ઘેબર, જલેબી ઘી તણી ફક્કડ.
વળી ખાજાં સુતરફેણી, કરી છે ભાવશી ફુટી;
ધરી ધારીપુરી તાજી, કરી છે બાસુંદી જાડી.

કર્યો દુધપાક ખંતેથી, ધર્યો શ્રીખંડ ને બરફી;
બિરંજ પેંડા અને બુંદી, તળી છે મોળી ને મીઠી.
સુફા લીલો ઘણો એવો, ધર્યો છે મીષ્ટ તો મેવો;
પ્રભુ મીઠો ધર્યો હલવો, વળી છે માલ્પુવા શેવો.
શિરો પુરી અને ભજીયાં, વડીને પાપડો તળીયા;
કટોળો સર્વ તો કરીયાં, સુગંધી ભાત તો ધરીયા.
વધારી દાળ તો ઝાઝી, કચોરી છે પ્રભુ તાજી,
તળ્યાં છે શાક ને ભાજી, પ્રભુ થ્યા ભાજીથી રાજી.
ખમણ કીધાંજ ખંતેથી, વળી છે રાઇતાં ચટણી;
પીરસ્યો થાળ પ્રીતેથી, પ્રભુ ઝારી ભરી જળની.
જગતના રાજ્યના રાજા, જમો રણછોડજી રાજા;
જમી જળપાન લ્યો રાયા, બિડું તાંબુલનું વ્હાલા.
ભરી પુષ્પો થકી શય્યા, પલંગો હેમના ઢળીયા;
બિછાના મશરૂના ભરીયા, ભરી ગાદી અને તકીયા.
ઉતારૂં પુષ્પ આભુષણ, ધરાવું ધોતી ચાદર તો;
સુગંધી પુષ્પના હારો, ચમેલી જુઇ ડોલર તો.
મણી માણેકની જડતર, સુવર્ણ ચાખડી ફકડ;
દયાળુ શ્રી હરી સુંદર, પધારો ચાખડી ઉપર.
સુમોતીડે વધાવું હું, પ્રભુ સુખે સુવાડું હું;
બલિહારી અહો જાઉં, ગુણો કેશવ પ્રભુ ગાઉં.

(મંગળ થયેલાં દર્શનદ્વાર ખુલ્યાં.) બોલો શ્રી રણછોડરાયકી જય.

પ્રભુને પ્રસાદ આરોગાવી જળપાન બીડું ધરાવી, પાવડી મોજડી ધરાવી પોઢાડયા (દર્શનદ્વાર મંગળ થયાં) બોલો શ્રી રણછોડ રાયકી જય

(શ્રી રણછોડરાય પ્રભુની આરતી.)

જય જય જગ ત્રાતા, પ્રભુ જય જય જગ ત્રાતા,
વીશ્વ વિષે વીખ્યાતા, (૨) ગુણ તારા ગાતા.—જયદેવ જયદેવ૦
સુંદીર શ્યામ સ્વરૂપ, ચાર ભુજા ભારી—પ્રભુ ચાર૦
શંખ ચક્ર દ્રીહસ્તે, (૨) પદ્મ ગદા ધારી.—જયદેવ જયદેવ૦
પ્હેર્યું અંબર પીત, મયુર મુકુટ ધરીયો;—પ્રભુ મયુર૦
રત્ન કનકના કુંડલ, (૨) પગમાં ઝાંઝરીયો.—જયદેવ જયદેવ૦
કંઠે મુક્તા હાર, રત્ન જડીત્ર સારા;—પ્રભુ રત્ન૦
વેઢ વિંટી બાજુબંધ, (૨) હસ્ત વિષે પ્હેર્યા—જયદેવ જયદેવ૦
કુમ કુમ તિલક ભાલ, પુષ્પ તણી માળા:—પ્રભુ પુષ્પ૦
જરકશી જામો શોભે, (૨) શ્યામ સુંદિર કાળા—જયદેવ જયદેવ૦
અકળ કળા ન કળાય. અકળીત તુજ માયા;—પ્રભુ અકળીત૦
તૃષ્ણા માંહિ તણાયા, (૨) જાણી નહિ માયા;—જયદેવ જયદેવ૦
ઠાકોરનાથ ત્રિભુ, ગુણ અગણીત તારા;—પ્રભુ ગુણ૦
આ ભવનાં સહુ પાપો, (૨) નષ્ટ કરો મારાં.—જયદેવ જયદેવ૦
રણછોડરાયની આરતી, જે ભાવે ગાશે;—પ્રભુ જે ભાવે૦
કેશવનાથ પ્રભુને, (૨) શરણે તે જાશે, મોક્ષપદી થાશે.—જયદેવ૦

બોલો શ્રી રણછોડરાયકી જય, શ્રી દ્વારીકાંધીશકી જય.

શ્રી લક્ષ્મીજીની સ્તુતિ.

(કવ્વાલી–ગઝલ.)

જગતમાં સૌ સ્થળે વ્યાપી, દુઃખીનાં દુઃખ દે કાપી;
સદા સદ્‌બુદ્ધિ દે આપી, દયાકર લક્ષ્મીજી માડી.
સુરતીયાં શ્વેત છે તારી, વળી છે ચોભુજા ભારી;
કરી છે વ્યાઘ્ર પર સ્વારી, દયા કર લક્ષ્મીજી માડી.
મુખાકૃત છે સદા હસ્તી, પહેરી કંચુકી કસ્તી;
ધરી સાડી અતી રાતી, દયાકર લક્ષ્મીજી માડી.
લગાવ્યો ભાલ ચાંદલીયો, પગે નુપુર ઝાંઝરીયો;
મુકુટ સુવર્ણનો ધરીયો, દયાકર લક્ષ્મીજી માડી.
ગુલાબી પુષ્પની માલા, સુશોભિત કેશ છે કાળા;
નથનીયાં નાકમાં તારા, દયાકર લક્ષ્મીજી માડી.
મણિ મુક્તા તણા હારો, ખીલાવ્યો હાર મા તારો;
ધર્યા વસ્ત્રો અલંકારો, દયાકર લક્ષ્મીજી માડી.
ધર્યાં છે કર્ણમાં કુંડલ, કરે સુવર્ણનાં કંકણ;
જગતની તુંજ ઉદ્ધારણ, દયાકર લક્ષ્મીજી માડી.
મધુરી મૂર્તિ મા તારી, અમારાં કષ્ટ સંહારી;
દયાળી ભક્તિ દે સારી, દયાકર લક્ષ્મીજી માડી.
બલિહારી અહો જોઉં, ગુણો કેશવ સદા ગાઉં;
કદિ દુઃખી નહિ થાઉં, દયાકર લક્ષ્મીજી માડી.

લી. કર્તા.

વાંચો! જાહેર ખબર. વાંચીને ખરીદ કરો

સર્વ હિંદુજનોના કલ્યાણાર્થે

શ્રી રણછોડ કીર્તનાવલી.

એ નામનું સફાઇદાર કાગળોપર, સુંદર અક્ષરોથી, કપડાં વિના પાકા પુંઠાવાળું, અનંતકોટી બ્રહ્માંડાધિપતિ શ્રી રણછોડરાય પ્રભુ સુંદર છબીવાળું, ભક્તિરસ યુક્ત કીર્તનોથી ભરપુર પુસ્તક છપાય। જેમાં શ્રી રણછોડરાય પ્રભુના ભાવિક ભક્તોને ઘણું ઉપયોગી થ પડે તેવું 'નિત્યકર્મ' સંગિતમાં તથા નાટકી તર્જની ઢબ પ્રમાણે સાધારણ જ્ઞાનનાં વૃદ્ધ સ્ત્રી પુરષો સહેલાઇથી ગાઇ શકે તેવા ઘો પદોની ઢબ પ્રમાણેનાં, શ્રી રણછોડરાય પ્રભુના કીર્તનનો ભંડાર ભ છે.—તદુપરાંત ચારે વર્ણના ભાઇઓ બ્હેનોને અતિ ઉપયોગી થ. પડે તેવો શ્રી વિષ્ણુ સહસ્રનો પાઠ સ્તુતિરૂપે સંગિતમાં બનાવી પ્રસિદ્ધ કર્યો છે કે જે પાઠના પઠનથી મનવાંચ્છીત ફળ પ્રાપ્ત થાય છે. શ્રી વિષ્ણુ સહસ્રનો પાઠ અતિ દિવ્ય કંકણરૂપ છે. વળી અનેક જન્મના જીવને વળગેલાં પ્રાયશ્ચીતોને નષ્ટ કરવાને હથીયાર રૂપ છે. વળી બ્રાહ્મણ વર્ણ સિવાય અન્ય વર્ણને તે પાઠનું પઠન કરવાને શાસ્ત્રમાં નિષેધ લખેલ છે. જેથી પ્રાકૃતપરથી સંગિતમાં સ્તુતિરૂપે પાઠ લખ્યો છે તો—

શ્રી રણછોડરાય પ્રભુની કૃપા પ્રસાદીરૂપ 'શ્રી રણછોડ કીર્તનાવલી' નામનું પુસ્તક દરેક હિંદુ ભાઇઓ તથા બ્હેનોના ગૃહમાં હોવું જોઇએ અને શ્રી હરીના ભાવિક, પ્રેમીક, ભક્તોના ગૃહમાં તો અવશ્ય નીત્ય વંચાવું જોઇએ—તો ઇચ્છાનુસાર આ પુસ્તકની પ્રત નીચેને સીરનામેથી મંગાવી લેવા તસ્દી લેશોજી.

ન્યોચ્છાવર રૂ ૦-૪-૦. વી. પી. ખર્ચ જુદું.

શ્રી હરીનો દાસાનુદાસ, કવી કેશવલાલ ત્રીભોવનદાસ ઓઝા

મુ. ડાકોર. સ્ટેશનરોડ